ઘેર ઘેર રાજભક્તિ.

WIDE SPREAD LOYALTY.

રચનાર

શેઠ જગજીવન લલુભાઇ

વઢવાણ શહેર.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા

શેઠ અમરસી લલુભાઇ બુકસેલર.

વઢવાણ શહેર (કાઠીયાવાડ.)

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦

અમદાવાદ—ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

કીંમત ત્રણ આના.

ઘેર ઘેર રાજભક્તિ.

(WIDE SPREAD LOYALTY.)

॥ मालिनी वृत्त ॥

जयतु जयतु नित्यं ज्योर्ज उर्वी महेंद्रो ।
जयतु जयतु मेरी तस्य सा पट्टराज्ञी ॥
जयतु जयतु सैन्यं मित्रराज्याधिपानाम् ।
भवतु सुखनिमग्ना सत्प्रजेशप्रसादात् ॥

અર્થ—નામદાર શહેનશાહ જ્યોર્જ, નામદાર શહેનશાહબાનુ મેરી અને મિત્ર રાજ્યાધિપોનાં સૈન્યનો સદા જય થાઓ ! અને ઈશ્વરની કૃપાવડે પ્રજા સુખસમુદ્રમાં નિમગ્ન બનો ! अस्तु ॥

'રાજભક્તિ' શબ્દનો અર્થ.

'રાજભક્તિ' શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને એનો અર્થ 'રાજાની ભક્તિ' એવો સ્પષ્ટ છે. અંગ્રેજીમાં એને Loyalty કહે છે. 'રાજભક્તિ' શબ્દ આપણા આર્યવર્તનો ઘણો પ્રાચીન શબ્દ છે. બીજા દેશોની પ્રજાની રાજભક્તિ કરતાં પ્રાચીન આર્યવર્તની પ્રજાની રાજભક્તિ ઘણી ચડીયાતી છે, કારણકે બીજા દેશો પોતાના સ-

જાને પોતાના એક ઉપરી મનુષ્ય તુલ્ય માને છે. [redacted] આર્યાવર્તની પ્રજા ઘણા પ્રાચીન વખતથી રાજાને દેવ અને તેથી પણ આગળ વધીને ઇશ્વર તુલ્ય માનતી આવી છે. ભક્તિ એટલે સેવા—આરાધના—મન વચન કર્મથા એકાગ્ર ભાવે પૂજ્યબુદ્ધિથી સેવા કરવી તે. ભક્તિ શબ્દનો વિસ્તીર્ણ અર્થ છે. આર્યાવર્ત સિવાય કોઇ પણ દેશમાં રાજામાં ઇશ્વરભાવના જાગૃત થઇ નથી. આર્યાવર્તની રાજભક્તિ વેદોના સમય જેટલી જૂની છે. **उरूं हि राजा वरुणः** ઇત્યાદિ વાક્યોમાં વરૂણદેવને રાજા કહી તેની સ્તુતિ કરાય છે. ભગવદ્ગીતામાં શ્રી કૃષ્ણે પણ **नराणां च नराधिपः** અર્થાત્ નરોમાં નરાધિપ-રાજા હું છું, એમ કહી રાજાનું સાક્ષાત્ ઇશ્વરત્વ દર્શાવ્યું છે. મનુસ્મૃતિમાં રાજાનું મહત્ત્વ અતિસ્પષ્ટ રીતે દર્શાવ્યું છે. તેમાં કહ્યું છે કે—

बालोऽपि नावमंतव्यो मनुष्य इति भूमिपः ।
महती देवता ह्येषा नररूपेण तीष्ठति ॥

અર્થ—રાજા કદિ બાળક હોય તોપણ તેનું અપમાન કરવું નહિ. રાજાને આપણા જેવો સાધારણ મનુષ્ય ગણવામાં પણ તેનું અપમાન કર્યું ગણાય છે, કારણકે જેની કૃપાથી અનેક જનોનું કલ્યાણ થાય છે, તથા જેના ક્રોધથી અનેકની પાયમાલી થાય છે એ એક સાધારણ મનુષ્ય નહિ પણ કોઇ મોટો દેવતા જ લેખાય. આટલી અચળ રાજભક્તિ બીજા દેશોમાં તો ભાગ્યે જ જોવામાં આવશે, એટલી આર્યાવર્તની રાજભક્તિની શ્રેષ્ઠતા છે.

‘ રાજા ’ એટલે શું ?

શાસ્ત્રકારે રાજાને માથે જે ફરજો—જે ધર્મો મૂક્યા છે તે જોતાં રાજાને ઇશ્વર તુલ્ય સમજવો એ સકારણ છે. કહ્યું છે કે **राजा**

बन्धुरबन्धुनाम् અર્થાત્ જેનો જગતમાં કોઇ બાંધવ ન હોય તેનો બાંધવ રાજા પોતે જ છે. પૂર્વે દુષ્યન્ત રાજાએ પોતાની પ્રજામાં એવો પડો વજડાવ્યો હતો કે–"મારી પ્રજા જે જે સ્નેહી બંધુથી વિયુક્ત થાય તેનો તે સ્નેહી બંધુ હું છું, એટલે કે જેનાં માબાપ મરી જાય તેનાં માબાપરૂપ હું છું અને જેનો પુત્ર મરી જાય તેના પુત્રરૂપ હું છું." ભાવાર્થ એ છે કે જે નિરાધાર બાળકોનાં માતાપિતા મરી જાય છે તેના માબાપરૂપ બની રાજા તેનું પાલન કરે છે અને જે વૃદ્ધ માતાપિતાના પુત્રો મરી જાય છે તેના પુત્રરૂપ બનીને રાજા તેની સેવા કરે છે. આવા એક રાજાને માથે પ્રજાનું રક્ષણ કરવાની ફરજ મુકાએલી છે અને તે રક્ષણનાં પાંચ દ્વાર કહેલાં છેઃ—

॥ श्लोक ॥

तस्करेभ्यो नियुक्तेभ्यः शत्रुभ्यो नृपवल्लभात् ।
नृपतिर्निजलोभाच्च प्रजां रक्षेत् पिता यथा ॥

અર્થાત્–પેહેરેગીરનો બંદોબસ્ત રાખી પ્રજાની ચોર–લુંટનારા વગેરેથી રક્ષા કરવી; કોઇ લાંચ રૂશવતને વશ થઇ અન્યાય ન કરે તેને માટે પ્રકટ તપાસ તથા છૂપા નિરીક્ષણ દ્વારા અધિકારી જનોથી પ્રજાની રક્ષા કરવી; પ્રજાના શત્રુઓ હાનિ કરવામાં ફાવી શકે નહિ તેવા નિયમવડે તેને માટે લશ્કર વગેરેથી પ્રજાની રક્ષા કરવી; રાજાનાં પ્રિય જન રાજાની પ્રીતિ ઉપર ટીંગાઇને મરજીમાં આવે તેમ પ્રજાને પીડા ન કરી શકે તેને માટે હમેશાં સાવધ રહેવું; પોતાના લોભવડે પ્રજાને ત્રાસ ન થાય તેની કાળજી રાખવીઃ એ પાંચ દ્વારોથી રાજાએ પ્રજાનું રક્ષણ કરવું એવું શાસ્ત્રકારે ફરમાવ્યું છે.

બ્રિટિશ સરકારમાં ખરા 'રાજા'ની યોગ્યતા.

એક ખરેખરા રાજાના જે ગુણો ઉપર જણાવ્યા છે તે ગુણો આપણે આપણી નામદાર બ્રિટિશ સરકારમાં જોઇ શકીએ છીએ, અને તેવા ખરા રાજા તરફ ભક્તિ ધરાવવી એ પ્રત્યેક પ્રજાજન તરીકે લોકોનું કર્તવ્ય કર્મ છે. ચોરો તરફથી આપણું રક્ષણ કરવાને જે લશ્કરી બંદોબસ્ત રાખ્યો છે તેથી આપણા જાનમાલનું સારી પેઠે રક્ષણ થાય છે. પીંઢારા, ફાંસીયા જેવા લોકો આજે કોઇ સ્થળે દેખાતા નથી એ બ્રિટિશ રાજ્યનો જ પ્રતાપ છે. પહેલાં બ્હારવટીયા લોકોના ત્રાસથી પ્રજા એટલી બ્હીતી હતી કે એક ગામથી બીજે ગામ જતાં લોકો સાથે હથીયારબંધ સીપાઇ કે વળાવા સિવાય ડગલું પણ ભરી શકતા નહિ, અને તેમ છતાં પણ લૂંટ ચાલતી, ચોરીઓ થતી અને નિર્દોષ વટેમાર્ગુઓનાં ખૂન થતાં. આજે એ ભય દૂર થઇ ગયો છે. આપણે ગમે તેટલા ધન સાથે એક ગામથી બીજે ગામ જઇ શકીએ છીએ અને આપણને કોઇ અડકી શકતું નથી. ચોકી પહેરાનો આટલો બંદોબસ્ત આજે આપણને જે નિરાંત આપે છે તે નિરાંત મોગલો કે મરાઠાઓના વખતમાં નહોતો. અધિકારી જનો લાંચ રૂશવત લેવા ન પામે અને પ્રજાને પીડા ઉપજાવી ન શકે તે માટે પણ અંગ્રેજી રાજ્યમાં બહુ સારો બંદોબસ્ત કરવામાં આવેલો છે. લાંચ અને રૂશવતનો રીવાજ પડવાનું કારણ ઘણે ભાગે એ હોય છે કે અધિકારીઓને થોડા પગારમાં ઘણો ઉંચો અધિકાર આપવામાં આવે છે અને પગારના બદલા કરતાં વધારે પ્રમાણમાં કામ લેવામાં આવે છે. આનું પરિણામ એ આવે છે કે તે અધિકારી આડો માર્ગ લેઇને વધારે ધન મેળવે છે. આ કારણથી પૂરતા પગાર સાથે યોગ્ય અ-

ધિકાર આપવાની ગોઠવણુ બ્રિટિશ સરકારે કરી છે જેથી કોઈ લાંચ રૂશવતમાં ફસાય નહિ; અને તેમ છતાં જેઓ તેવા ગુન્હા કરે તે ઉપર તપાસ કરનારા મોટા અધિકારીઓ રાખ્યા છે અને ગુન્હાના પ્રમાણુમાં મોટી સજા ફરમાવવામાં આવે છે. આથી પ્રજાને અન્યાયથી કે લાંચખાઉ અમલદારો તરફથી ત્રાસ વેઠવો પડતો નથી. જૂના વખતમાં મુખ્યત્વે કરીને મોગલોના વખતમાં લાંચનો રીવાજ બહુ ચાલતો હતો. શત્રુઓ તરફના ભયમાંથી તો હિંદુસ્તાનનું બહુ જ સારી રીતે રક્ષણુ કરવામાં આવે છે. લગભગ ૧૫૦ વર્ષથી હિંદુસ્તાનમાં બ્રિટિશ સરકારનો અમલ ચાલે છે તેટલા વખતમાં આ દેશ ઉપર કોઈ પણુ પરદેશી રાજ્ય હુમલો કરવાની હિંમત ચલાવી શક્યું નથી, એ બધો પ્રતાપ બ્રિટિશ સરકારના તેજનો તથા તેના લશ્કરી અને દરિયાઇ બળનો છે. દેશની અંદરના શત્રુઓ પ્રજાને કશું નુકશાન કરે તેને માટે પણુ બ્રિટિશ સરકાર હમેશાં તૈયાર જ રહે છે. બ્રિટિશ રાજ્ય હિંદમાં સ્થાપાયા પછી થોડાએક ટંટાબખેડા થયા છે પરંતુ તેથી પ્રજાનાં જાનમાલની સલામતીને મોટું નુકશાન થાય તે પહેલાં પોતાના બળવડે તે બધાંને શમાવી દીધાં છે અને પ્રજાને શાંતિ–સુલેહનો લાભ આપ્યો છે. રાજાનાં પ્રિય જનો પ્રજાને હેરાન ન કરે તે માટે પણુ સરકારે બહુ સારો બંદોબસ્ત રાખ્યો છે અને ન્યાયની જે કચેરીઓ સ્થાપી છે તે રાજાથી માંડીને રંક સુધીના સૌ કોઇને માટે ખુલ્લી રાખી છે. જે કાયદાઓ પ્રજાને માટે ઘડ્યા છે તે જ કાયદાઓ રાજકુટુંબને માટે પણુ છે. અને તેથી કોઇને કોઇ રાજકુટુંબના માણુસ તરફથી કે રાજ્યનાં અમલદાર તરફ ત્રાસ કે અડચણુ થાય છે તો તેની સામે ન્યાયની કચેરીમાં ફરિયાદ કરીને ન્યાય મેળવી શકાય છે. મહમૂદ ગઝનવીના વખતનો એક દાખલો છે કે તેનો એક

ભત્રીજો બહુ દુરાચારી હતો અને તે એક પ્રજાજનની સ્ત્રીની સાથે તેના ઘરમાં બળાત્કારે પેસી જઇને વ્યભિચાર કરતો હતો. પેલી સ્ત્રીના પતિએ આ બાબતની ફરિયાદ મહમૂદની પાસે જઇને કરી, એટલે મહમૂદ પોતે પોતાના ભત્રીજાને પકડવાને રાતને વખતે પેલી સ્ત્રીને ઘેર ગયો. તેણે ત્યાં પોતાના ભત્રીજાને જોયો એટલે દીવો હોલવી નાંખીને અંધારામાં પોતાના ભત્રીજાને મારી નાંખ્યો. તે વખતે અંધારૂં કરવાનો સબબ એ હતો કે પોતાના સગા ભત્રીજાને મારી નાંખતાં પહેલાં પોતાના ભત્રીજાને અજવાળામાં જોઇને તેને કદાચ દયા આવી જાય અને જે ન્યાય કરવો વાજબી હતો તે જ ન્યાયમાં એ અજવાળું આડે આવી શકે નહિ. એ જ પ્રમાણે બ્રિટિશ સરકારના રાજ્યમાં કોઇ પણ માણસ રાજા કે અધિકારીને પ્રિય હોઇ તે પ્રજાને અડચણ કરી શકતું નથી અને સૌને એકસરખો ન્યાય આપવામાં આવે છે. વળી પોતાના લોભવડે પ્રજાને ધનસંબંધી એટલે કે કર ભરવા સંબંધી બહુ ત્રાસ વેઠવો ન પડે તેવી પણ બ્રિટિશ રાજ્યમાં કાળજી રાખવામાં આવે છે. જે વખતે આપણા દેશમાં મોગલાઇ ચાલતી હતી તે વખતે પ્રજાને બહુ કર આપવો પડતો હતો. મોગલાઇ તરફનો કર આપવો પડતો હતો અને ઘણી વાર મરાઠાઓ પણ ચોથ અને સરદેશમુખી ઉઘરાવતા હતા. વળી જ્યારે ટંટા બખેડા થતા ત્યારે લશ્કરના ઘોડાઓ ઊભા પાક ચરી જતા હતા અને લોકોને ભૂખે મરવું પડતું હતું. આજે. નિયમિત. ધોરણપર કર લેવાય છે, દુકાળના વખતમાં કરની ઉઘરાણી મુલતવી પણ રાખવામાં આવે છે અથવા માફ કરવામાં આવે છે, વેઠનો જુલમ બંધ થયો છે, સરકારી ઘોડાઓને માટે જોઇતો ઘાસચારો પણ પૈસા આપીને ખરીદવામાં આવે છે અને એ રીતની લગભગ સઘળી જૂની હરકતો દૂર

થઇ છે. આ ઉપરથી સમજાશે કે જે પાંચ ફરજો શાસ્ત્રકારે એક રાજાની હોવાનું કહેલું છે તે ફરજો બ્રિટિશ સરકાર તરફથી બરાબર રીતે પાળવામાં આવે છે અને તેથી પ્રજા સંપૂર્ણ સુખ અને આબાદી ભોગવી રહી છે. આવા પ્રજાનિષ્ઠ રાજ્ય પ્રત્યે રાજનિષ્ઠ પ્રજાએ સંપૂર્ણ રાજભક્તિ દર્શાવવી તે સૌ કોઇનો અનન્ય ધર્મ છે.

બ્રિટિશ રાજ્યના કેટલાક આશીર્વાદો.

બ્રિટિશ રાજ્ય હિંદુસ્તાનમાં થયા પછી બ્રિટિશ પ્રજાની સાથે હિંદુસ્તાનનો સંબંધ વધારે ઘાડો બંધાયો છે અને તેથી બ્રિટિશ પ્રજાની નવી શોધખોળો તથા નવા નવા વિચારોએ હિંદુસ્તાનની પ્રજાને મોટો લાભ આપ્યો છે. વરાળયંત્રની શોધખોળનું માન ઇંગ્લાંડને જ ઘટે છે. એ વરાળ યંત્રે આખી દુનિયાની પ્રજા ઉપર કેટલા બધા ઉપકારો કર્યા છે? આગગાડી, આગબોટ, એન્જીનોથી ચાલતી મીલો, ઘંટીઓ, પાણી ખેંચવાના પંપો વગેરે સાધનોથી મનુષ્યોને ઉદ્યોગ તથા વ્યવહારમાં ઘણો મોટો ટેકો મળ્યો છે. કાશી કે સિદ્ધાચળની યાત્રા પૂર્વે કોઇ ભાગ્યશાળીના નસીબમાં જ કહેવાતી, ત્યારે આજ હરકોઇ માણસ થોડા ખર્ચમાં એ યાત્રાઓ આગગાડીની મદદથી બે ચાર દિવસમાં કરીને પોતાને વતન પાછો ફરી શકે છે. યાત્રા માટેના સંઘોને ઇષ્ટ સ્થળે પહોંચવા માટે રખેવાળોની સામગ્રીની અને લાંબા વખતની જરૂર પડતી હતી એ અડચણો હવે દૂર થઇ છે. એ આગગાડીના લાભને તો કદાપિ ભૂલી જવાશે નહિ. આગબોટના લાભે ઇંગ્લાંડ કે અમેરિકા થોડા વખતમાં પહોંચી શકાય છે. પવનને આધારે ચાલતાં વહાણોથી લાંબી મુસાફરીઓ કરવામાં મોટી સગવડ મળી શકતી નહિ, પણ આગબોટોના ઉપકારથી તો એ મુસાફરીઓ સહેલી

થઇ છે એટલું જ નહિ પણ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના પ્રદેશો શોધવાનો ઉત્સાહ પણ જાગ્રત થયો છે. મીલો વગેરે મોટાં કારખાનાં વરાળયંત્રથી થોડે ખર્ચે અને ઉતાવળે ચલાવી શકાય છે અને આજે હરકોઇ નાનાં મોટાં કારખાનાંઓ એ યંત્રનો ઉપયોગ કરવા લાગ્યાં છે, તે પરથી એ યંત્રોનો લાભ સહેલાઇથી સમજી શકાશે.

વિજળીની શોધે પણ દુનિયાની પ્રજાની સાથે હિંદની પ્રજા ઉપર કાંઇ નાનોસુનો આશીર્વાદ વરસાવ્યો નથી. કૃત્રિમ રીતે ઉપજાવેલી વિજળીને અનેક પ્રકારના ઉપયોગમાં લેવામાં આવી છે. તેથી તાર અને ટેલીફોનવડે ઘણે દૂર સુધીના સંદેશા—સાધારણ વાતચીતની પેઠે—મોકલી શકાય છે. વિજળીનો ઉપયોગ બત્તી કરવામાં, ટ્રામવે ચલાવવામાં, અને નાનાં મોટાં કારખાનાંઓ ચલાવવામાં પણ કરી શકાય છે. આ શોધ હજી આગળ ને આગળ વધતી જાય છે. હાલમાં તો વળી દોરડાં વિનાના તારની શોધ કરવામાં આવી છે જેથી તારનાં દોરડાં વિના ચોક્કસ દૂર સુધીના સંદેશા મોકલી શકાય છે. હવામાં ઉડવાનાં વિમાનો, અવાજના ફોટોગ્રાફો લઇને તેનો તે જ અવાજ ફરીથી સંભળાવવો, વગેરે જે હુનરો શોધી કાઢવામાં આવ્યા છે તે હિંદુસ્તાનને ચકિત કરે છે અને તેનો લાભ હિંદુસ્તાનની પ્રજાને મળે છે.

આ અને એવા જ બીજા બ્રિટિશ રાજ્યના આશીર્વાદોએ હિંદની પ્રજાને કેવળ નવીન પ્રકાશમાં મૂકી છે. પૂર્વે હિંદુસ્તાનના મહાપુરૂષોમાં અતુલ શક્તિ અને બુદ્ધિ હતી તેનો આ વખતે લોપ થયો દેખાય છે; તથાપિ બ્રિટિશ રાજ્યના પ્રતાપે આપણને પૂર્વની શક્તિ અને બુદ્ધિનું ભાન હવે થતું જાય છે.

વેપાર અને ઉદ્યોગની ખીલવણી.

અંગ્રેજી રાજ્યથી પ્રજાને થએલા અનેક લાભોમાંનો એક લાભ હિંદના ઉદ્યોગ અને વેપારની ખીલવણીને લગતો છે. હિંદનો પ્રાચીન વેપાર ચીન, જાવા, અને દક્ષિણ તથા પૂર્વ આફ્રિકા સુધી લંબાએલો હતો. આપણા દેશીઓ હિંદમાંથી અનેક જાતનો માલ પરદેશ મોકલતા હતા અને પરદેશથી ઉન, રેશમ, હાથીદાંત, વગેરે લાવતા હતા. પરન્તુ આજે હિંદુસ્તાનનો વેપાર આખી દુનિયા સાથે ચાલે છે. યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલીયા અને એશિઆના જૂદા જુદા ભાગોસુધી આજે હિંદની પેદાશો. પહોંચવા લાગી છે. આપણા સાહસિક દેશી વહાણવટીઓ પણ પરદેશી વહાણવટીઓની હિંમત, કળા અને સાહસથી ઉત્તેજન પામીને પરદેશો સાથેનો મોટો વેપાર ખેડવા લાગ્યા છે. જે હિંદુસ્તાન સુધી પહોંચતાં પહેલાં દરિયામાં કેટલાક માસ ગાળવા પડતા હતા ત્યાં માલ પહોંચાડતાં હવે યુરોપની સ્ટીમરોને બે કે ત્રણ અઠવાડીયાં માત્ર જોઇએ છે! અમેરિકાની શોધખોળો, યુરોપની બનાવટો કે જાપાનની નવાઇઓ આપણે સાંભળી પણ નહોતી તે અત્યારે આપણી સમક્ષ લાવીને મૂકવામાં આવે છે. તે સઘળો પ્રતાપ અંગ્રેજી શોધખોળને આભારી છે એમ કોણ નહિ કહે? પરદેશી ઉદ્યોગોની ખીલવણીથી આપણા કેટલાક જૂના ઉદ્યોગોને ધક્કો લાગ્યો છે ખરો, પરંતુ તે સાથે આખા દેશમાં એક નવી જાગૃતિ ઉત્પન્ન થઇ છે. ખાદીનું કપડું આપણાં વેપારી બજારોમાંથી થોડે થોડે દૂર થવા લાગ્યું છે અને તેને પરિણામે દેશી કાપડ વણનારા વણકરોના ધંધાને ઇજા થતી હોય તે સ્વાભાવિક છે, પરન્તુ તે સાથે દેશમાં કાપડ, સુતર, સણ અને રેશમનાં અનેક. મોટાં કારખાનાંઓ ઉઘડયાં છે, દેશી વણકરો પોતાની હાથની શાળોને મૂકીને એ

કારખાનાંઓમાં કામ કરી રોજી મેળવવા લાગ્યા છે તથા પરદેશી કાપડના જેવુંજ દેશી કાપડ બનાવવાની હરીફાઇ ઉત્પન્ન થવા લાગી છે. કોલસાનો બળતણ તરીકે ઉપયોગ કરવાનું આપણે જાણતા નહીં, આપણા દેશમાં તેની મોટી મોટી ખાણો છે તે આપણને ખબર નહોતી, ગ્યાસલેટના ઝરાઓ અને કુવાઓ આપણા દેશમાં હવા તે તરફ આપણે નજર કરતા નહિ, આપણાં જંગલોમાંનાં લાકડાંનો ઉપયોગ બળતણ કે ઇમારતી કામ સિવાય બીજી શા રીતે થાય છે તેનું આપણને જ્ઞાન નહોતું; અને આજે આપણા તે તે વસ્તુઓના ઉપયોગો ખીલ્યા છે, તે પ્રતાપ અંગ્રેજ લોકોની ખંત, વિદ્યા અને બહાદુરીનું પરિણામ છે. બંગાળામાં કોલસાની ખાણો એટલા મોટા વિસ્તારમાં છે કે આજે તેમાંથી લાખો રૂપિયાનો કોલસો નીકળે છે, બ્રહ્મદેશમાંના ગ્યાસલેટનો વેપાર આખા હિંદમાં ચાલે છે અને જંગલમાંથી કાગળ અને દિવાસળી જેવી ઉપયોગી ચીજો બનાવવામાં આવે છે. આ સઘળા લાભો આપણે આપણી ભૂમિમાંથી મેળવ્યા છે; પણ તે મેળવી આપનારનો જ આપણે આભાર માનવો જોઇએ કારણકે તેના ઉપયોગ સંબંધી જ્ઞાન વિના આપણે તેનો કશો ઉપયોગ સમજી શકતા નહિ.

જળમાર્ગની નિર્ભયતા.

એક બીજા દેશની સાથે વેપારનો તથા જવા આવવાનો સંબંધ ખેડવાને જળમાર્ગ બહુ ઉપયોગનો છે. દરિયામાં પણ અનેક ભયો રહેલા છે. કોઇ ખડકો, જંગલી બેટો કે ખરાબાપર વહાણો જઇ ચડવાથી જે નુકસાન થાય છે, તેમાંથી બચવા માટે અંગ્રેજોએ ઘણું ઘણું કર્યું છે. આજે જળમાર્ગ એટલો નિર્ભય થયો છે જમીનપર જેટલી સહેલાઇથી અને નિર્ભય રીતે રેલ્વે દોડે છે, તેટલીજ સગવડ સાથે પાણીમાં વહાણો અને સ્ટીમરો દોડી શકે છે. હિંદ અને યુરો-

પનો સંબંધ મોટે ભાગે સુએજની નહેર મારફતે થાય છે. સુએજ ખાતે પહેલાં સંયોગીભૂમિ હતી એટલે એ માર્ગે થઇને મોટાં વેપારી વહાણો આવજા કરી શકતાં નહિ. એ સુએજની સંયોગીભૂમિના મોટા જમીનમાર્ગને ખોદી નાંખીને હાલમાં મોટી નહેર બનાવવામાં આવી છે, અને હિંદ અને યુરોપનો જળમાર્ગ બહુજ ટુંકો અને સગવડભર્યો થયો છે. દરિયાના કિનારાનો સેંકડો ચોરસ માઇલનો વિસ્તાર ખોદી નાંખવો અને દરિયાને સળંગ બનાવવો એ સાહસ અને કાર્યને લંકા અને હિંદ વચ્ચે સેતુ બાંધનાર રામચંદ્રજીના પરાક્રમની સાથેજ સરખાવી શકાશે.

હરકોઇ ધર્મ પાળવાની છૂટ.

લગભગ ૧૩૦૦ વર્ષ પહેલાં હિંદુસ્તાનની પ્રજા ઉપર ધર્મના કારણથી હુમલાઓ થવાની શરૂઆત થઇ હતી. સૌથી પહેલાં સિંધને માર્ગે આરબ લોકોએ હિંદમાં પ્રવેશ કર્યો હતો અને એક હાથમાં તલવાર તથા બીજા હાથમાં 'દીન' રાખીને તેનો ફેલાવો હિંદુસ્તાનમાં કરવા માંડયો હતો. ત્યારપછી અફઘાનીસ્તાન, તુર્કસ્તાન અને અરબસ્તાનના મુસલમાનોએ હિંદુસ્તાનની પ્રજાને ધર્મ, રાજ્ય અને ધનને માટે રગડવામાં કશું બાકી રાખ્યું નથી. ત્યારપછી મહમૂદ ગઝનવીએ હિંદુસ્તાનનાં ધર્મસ્થાનકો તોડીને દ્રવ્યની ખોટી લૂંટ ચલાવી હતી. શાહબુદ્દીન ઘોરીએ પણ મુલક જીતવાને લોભે અનેક પ્રકારનો કેર વર્તાવ્યો હતો. અલાઉદ્દીન ખીલજીએ હિંદુઓને વટલાવવામાં અને ન વટલાય તેઓની ગરદન કાપવામાં જ પોતાની કીર્તિ માની હતી. નાદીરશાહે નિર્દોષ જનોની મોટી કતલ ચલાવી હતી અને તે સિવાય ઘોરી, ગુલામ, ખિલજી અને મોગલ વંશના બાદશાહોના વખતમાં હિંદુસ્તાનની હિંદુ પ્રજાને ધર્મ નિમિત્તે અનેક કષ્ટો વેઠવાં પડયાં હતાં.

બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ કે બ્રાહ્મણ ધર્મના અનેક પવિત્ર ગ્રંથોનો ધ્વંસ થઇ ગયો તે બહુધા મુસલમાન રાજાઓના વખતમાં થએલો જ માનવામાં આવે છે. હિંદુસ્તાનની વિદ્યા આજે અપૂર્વ કહેવાય છે પરન્તુ દુર્ભાગ્યે ઘણા ઉત્તમ ગ્રંથોનો નાશ થઇ જવાથી હિંદુસ્તાનની પ્રજાને મળેલો જીવતો વારસો ઘણો જ થોડો છે. હિંદુસ્તાનની પ્રજાની પ્રાચીન કારીગીરીનું બૌદ્ધ, જૈન અને બ્રાહ્મણ ધર્મનાં પ્રાચીન મંદિરોપરથી આપણને ભાન થાય છે, અને એમાંથીએ ઘણી સુંદરતાનો એ અંધાધુંધીવાળા જમાનામાં લય થયો છે. પરન્તુ અત્યારે આપણી સ્થિતિ કેવી છે ? ધર્મનિમિત્તે પૂર્વે થએલા જુલ્મો અને વેઠેલાં સંકટો અત્યારે સ્વપ્નવત્ થઇ ગયાં છે. ધર્મનિમિત્તે કે કોઇ પ્રકારના મતભેદ નિમિત્તે બ્રિટિશ અમલ હેઠળ કશો જુલ્મ ગુજારવામાં નથી આવતો, પરન્તુ હરકોઇ માણસને પોતાની મરજી મુજબ હરકોઇ ધર્મ પાળવાની છૂટ આપવામાં આવે છે, અને હરકોઇ ધર્મવાળાને નીતિના નિયમોને બાધ ન કરે તેવો ધાર્મિક ઉપદેશ જાહેરમાં આપવાની છૂટ આપવામાં આવે છે. ધર્મના સંબંધમાં તો ઇંગ્લાંડનો પ્રાચીન ઇતિહાસ પણ ઘણો ખેદ ઉપજાવે એવો છે. આખા યુરોપમાં જો કે ક્રાઇસ્ટને પ્રભુ માનનારી ખ્રિસ્તી પ્રજા રહેલી છે તોપણ એ એક ધર્મના જૂદા જૂદા પંથના ખ્રિસ્તીઓને ધર્મનિમિત્તે અનેક સંકટો વેઠવાં પડ્યાં છે. માર્ટીન લ્યુથર અને કાર્ડીનલ વુલ્સીનાં નામો ધર્મને માટે દુઃખ વેઠનારાઓ તરીકે જાણીતાં છે. બ્રિટિશ પ્રજા પણ આ રીતે ધર્મ નિમિત્તે થએલા ટંટા બખેડાથી નિરાળી નથી, તથાપિ તેણે હિંદુસ્તાનની પ્રજાને ધર્મનું છૂટાપણું આપવામાં જ ડહાપણ માન્યું છે એ તેની દીર્ઘદૃષ્ટિ અને ઉદારતાનું પરિણામ છે. ધર્મના સંબંધમાં તો બ્રિટિશ રાજ્ય કેટલું ઉદાર છે તેના અનેક દૃષ્ટાંતો મેળવી શકાય તેમ છે. બ્રાહ્મણ ધ-

ર્મના, બૌદ્ધ ધર્મના કે જૈન ધર્મના દુષ્પ્રાપ્ય પ્રાચીન "ધર્મ ગ્રંથોનું પ્રાચીન સાહિત્યના સંશોધન નિમિત્તે રક્ષણ" કરવામાં અને તેને યોગ્ય ઉત્તેજન આપવામાં તેણે હમેશાં ઉદારતા બતાવી છે. પ્રાચીન સાહિત્ય બહાર પાડનારી કેટલીક સંસ્થાઓને સરકારે ઉત્તેજન આપ્યું છે અને તેનું વડપણ પણ પોતે સ્વીકાર્યું છે. પ્રાચીન કારીગીરીનાં આભૂષણરૂપ પ્રાચીન મંદિરો અને સ્મરણસ્થંભોને જાળવવા માટે સરકારે એક ખાસ ખાતું સ્થાપ્યું છે અને તેવાં જીર્ણ થએલાં સ્થાનોને મોટે ખર્ચે સમરાવ્યાં છે. હિંદુસ્તાનની એ પ્રાચીન જાહોજલાલી આજે આપણે અન્ય ધર્મ પાળનારી સરકારના રાજ્યમાં પણ સચવાઇ રહેલી બલકે સારી સ્થિતિમાં લાવવામાં આવેલી જોઇએ છીએ તે તેનો મોટો ઉપકાર છે.

કેળવણીનો ફેલાવો.

મધ્ય કાળના અંધકારમાં હિંદુસ્તાનની પ્રજા કેળવણીથી બહુ દૂર જતી રહી હતી. ઋષિ મુનિઓની વેદશાળાઓમાં અને અન્ય વિદ્યાશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એ અંધકારના સમયમાં ઉક્ત શાળાઓનો નાશ થવાને લીધે કેળવણી લેવાની ફરજથી દૂર થયા હતા, પરન્તુ બ્રિટિશ રાજ્યની સ્થાપના થયા પછી કેળવણીની નવી નવી શાળાઓ છેલ્લામાં છેલ્લી શોધખોળોને આધારે સ્થાપવામાં આવે છે અને તેમાં અનેક પ્રકારની વિદ્યાકળાનું શિક્ષણ આપવામાં આવે છે. કેળવણીને ઘરગથુ બનાવવાને માટે માત્ર નામની જ ફી રાખીને મોટે ખર્ચે એ ખાતું ચલાવવામાં આવે છે અને તેની વ્યવસ્થા એવી રીતે રાખવામાં આવે છે કે જેથી વિદ્યાર્થીઓને કેળવણી લેવાની હોંશ વધતી જાય અને તેઓની સંખ્યા વધારે મોટી થતાં

જતાં નવી નવી શાળાઓ પણ ખોલવામાં આવતી જાયછે. હિંદુસ્તાનમાં આવેલી યુનિવર્સિટીઓના યોગે કરીને પાશ્ચાત્ય વિદ્યાકળાનું શિક્ષણ પણ આ દેશના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે અને તેથી પાશ્ચાત્ય વિદ્યાર્થીઓના જેવા વિચક્ષણ થવાનો હિંદુસ્તાનના ચંચળ વિદ્યાર્થીઓને પણ લાભ મળી શકે છે. સ્ત્રીકેળવણીનો ફેલાવો એ પણ બ્રિટિશ રાજ્યનો એક મોટો ઉપકાર છે. સ્ત્રીઓને કે કન્યાઓને નિશાળે ભણવા મોકલવી ન જોઇએ એવો આપણા લોકોનો વહેમ ટાળવામાં બ્રિટિશ સરકારે ઘણી મહેનત કરી છે અને તેથી સ્ત્રીકેળવણીનો ફેલાવો મુફત કરીને તે તરફ જૂદા જૂદા ધર્મની સ્ત્રીઓનું આકર્ષણ કરવામાં આવતું રહ્યું છે. કેળવણીના ફેલાવામાં છાપખાનાંઓએ ઘણો અગત્યનો હિસ્સો આપ્યો છે. છાપખાનાનાં બીઆંની શોધ ઇંગ્લાંડમાં જ થઇ હતી અને છાપવાની તથા કાગળ બનાવવાની પ્રાચીન કળા ચીનમાંથી આખી દુનિયામાં ફેલાવા પામી છે, પરન્તુ આ હુન્નરને ખીલવવામાં ઇંગ્લાંડે અવાધ કરી છે. છાપખાનાંઓને પરિણામે વિદ્યા મેળવવાનું બહુ સહેલું અને સસ્તું થઇ પડ્યું છે અને જૂદા જૂદા દેશોની શોધખોળો, વિદ્યાઓ, નવા નવા બનાવો વગેરેની વિગતો જાણવાનો લાભ છાપખાનાંઓને લીધે જ મેળવી શકાય છે. પ્રાચીન ધર્મગ્રંથોની હસ્તલિખિત પ્રતો કરાવવા પાછળ હજારો રૂપિયા ખર્ચવા પડતા હતા, તે આજ કાલ તેથી સોમા ભાગ જેટલા ખર્ચે સારા અક્ષરે છાપેલી મેળવી શકાય છે.

સાંસારિક વહેમોનો ત્યાગ.

અજ્ઞાનને લીધે કેટલાક સાંસારિક વહેમો હિંદુસ્તાનની પ્રજામાં ફેલાયા હતા તે છોડાવવાને માટે ઉપદેશ અને કાયદાદ્વારા સરકારે ઘણો શ્રમ ઉઠાવ્યો છે. પ્રાચીન સમયમાં સ્ત્રીઓ–મુખ્યત્વે કરીને ક્ષત્રિયાણીઓ પોતાના પતિનું મરણ થતાં તેની પાછળ સતી થતી, એટલે

કે પોતાના દેહને બાળી મૂકતી. આ રીવાજની પાછળ એવો જુલ્મી રીવાજ થઈ પડયો હતો કે જે સ્ત્રી પોતાના પતિનું મરણ થતાં તેની પાછળ બળી મરવા ઇચ્છતી ન હોય તે સ્ત્રીને પણ તેનાં કુટુંબીઓ બળાત્કારે બાળી મૂકતા અને તેને સતી થએલી ઠરાવતા. બ્રિટિશ સરકારે સતી થવાનો ચાલ કાયદાદ્વારા બંધ કર્યો ત્યારથી એ રીવાજ અને વ્હેમ બંધ થયો છે. એ જ અંધકાર અને વહેમના જમાનામાં પુત્રીના અવતારને અપશુકન રૂપ માનવામાં આવતો હતો અને તેથી પુત્રીનો જન્મ થતાં જ તેને દૂધમાં ડુબાવીને દૂધ પીતી કરવામાં આવતી એટલે કે તેને એવી ઘાતકી રીતે મારી નાંખવામાં આવતી. પરંતુ સરકારે એ કામને ગુન્હાનું ઠરાવીને તે બંધ કર્યો છે. મુસલમાનોના વખતમાં જ્યારે હિંદુ સ્ત્રીઓ ઉપર જુલમ ગુજરતો ત્યારે બે મોટા હાનિકારક રીવાજો આપણા દેશમાં ચાલુ થયા હતા. એક રીવાજ નાની બાળકીઓને પરણાવી દઇને બાળલગ્નો ચાલુ કરવાનો હતો અને બીજો રીવાજ સ્ત્રીઓને ઓઝલ પડદાના અંધારામાં ગોંધી રાખવાનો હતો. આ બન્ને રીવાજો બંધ કરવાને સરકારે યત્ન કર્યો છે. બાળલગ્નો તદ્દન નાબૂદ કરી શકાયાં નથી, પરન્તુ સંમતિ વયનો કાયદો બાંધીને એવું ઠરાવવામાં આવ્યું છે કે ચૌદ વર્ષની વયથી નાની વયની સ્ત્રીથી સમાગમ કરનાર તેનો પતિ પણ ગુન્હાને પાત્ર લેખાય; આથી બાળલગ્નો તો નાબૂદ થયાં નથી, પણ કાચી વયની સ્ત્રીઓને સાસરે મોકલવાનો રીવાજ બંધ થયો છે અને તેથી સ્ત્રીઓનાં અકાળ મરણો તથા અત્યંત નબળી પ્રજાની ઉત્પત્તિને ઉત્તેજન મળતું બંધ થયું છે. પડદાનો રીવાજ બંધ કરવા માટે ઘણા પ્રયત્નો થયા છે અને તેને ધીમે ધીમે ફત્તેહ મળતી જાય છે.

હાલનો સમય.

હાલનો સમય જરા ઉદ્વેગભર્યો છે. યુરોપમાં ના. બ્રિટિશ સરકારને જર્મની સામે લડાઇમાં ઉતરવું પડયું છે અને તે પાછળ ધનનો


તથા માણસોનો મોટો ભોગ તેને આપવો પડે છે. બ્રિટિશ રાજ્યથી થએલા લાભોએ આજસુધીમાં આપણને અનેક પ્રકારે સુખ ઉપજાવ્યું છે અને તેથી એ રાજ્ય આપણા પર અચળ રહે એવી જ આપણી વાંચ્છના છે. જે વખતે સરકારને પોતાના શત્રુઓની સામે લડાઇમાં ઉતરવું પડયું છે તે વખતે તેને સર્વ પ્રકારે સહાયભૂત થવાની આ-પણી ફરજ આપણે બજાવવી જ જોઇએ. લડાઇમાં બ્રિટિશ રાજ્યના જયમાં હિંદુસ્તાનનો જય પણ સમાએલો છે. લડાઈમાં બ્રિટિશ રાજ્ય જેટલું મજબૂત રહેશે તેટલી મજબૂતીનો લાભ હિંદુસ્તાનને પણ પર-દેશી રાજ્યોથી થતા હુમલાઓમાંથી થએલા સંરક્ષણના રૂપમાં મળશે. આવે વખતે સરકાર તરફ શબ્દોવડે વફાદારી બતાવીને જ બેસી રહેવાની જરૂર નથી, પણ તન, મન અને ધનથી આપણે બ્રિટિશ સરકારની જે કાંઈ સેવા બજાવી શકીએ તે સેવા બજાવવાને આપણે બહાર પડવું જોઇએ. બ્રિટિશ રાજ્યના જયમાં જ આપણો જય અને તેની સલામતીમાં આપણી સલામતી સમાએલી છે, તેથી લડાઇમાં બ્રિટિશ રાજ્યને તથા બીજાં મિત્ર રાજ્યોને ફત્તેહ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરતાં ઇચ્છવું જોઇએ કે—

રાજ્ય સૌખ્યદ ને રૂડું, બ્રિટિશોનું સદા રહો,
જય જય સદા વર્તો, राजा राणी घणुं जीवो !

॥ तथास्तु ॥

સમાપ્ત.

નામદાર શાહેનશાહ



ઘણું જીવો.